# પ્રકરણ-6
## ઉપસંહાર

કોઈ પણ સાહિત્ય સ્વરૂપમાં વસ્તુ પ્રાથમિક ઘટક છે. વસ્તુ વગર નવલકથાકાર કે વાર્તાકારને ચાલવાનું નથી. વસ્તુ મળ્યા બાદ સર્જક એને એના એ જ રૂપે મૂકી દેતો નથી પરંતુ એની ચોક્કસ ગોઠવણી કરે છે. જે એની વાર્તાને વિશેષ બનાવે છે. સાહિત્યના અન્ય સ્વરૂપોની સરખામણીએ ટૂંકી વાર્તાનું સ્વરૂપ ખૂબ જ ચૂસ્ત હોવાના કારણે વસ્તુસંકલના સર્જક પાસે વિશેષ ક્ષમતા માંગે છે. અંગ્રેજી સંજ્ઞા 'Plot' માટે ગુજરાતી સાહિત્યમાં વસ્તુસંકલના સંજ્ઞા પ્રયોજાય છે. આ ઉપરાંત સાહિત્યમાં કથાવસ્તુ, વસ્તુસંરચના, વસ્તુસંઘટના, ઘટનાતંત્ર વગેરે જેવી સંજ્ઞાઓ વસ્તુસંકલના માટે પ્રચલિત છે. સર્જક પોતાના ભાવસંવેદનને અપેક્ષિત અર્થમાં ભાવક સમક્ષ પોતાની આગવી વસ્તુસંકલના દ્વારા જ મૂકી શકે છે. માટે એક જ વસ્તુ આધારિત અનેક કૃતિઓ આપણને જુદો જુદો અનુભવ કરાવે છે. વસ્તુસંકલનાનું ધ્યેય ભાવકમાં અપેક્ષિત અર્થની અનુભૂતિ જગાવવાનું છે. એનો અર્થ એ નથી કે કોઈ પણ વાર્તા એક જ અર્થમાં સિમિત બની રહે, ભાવકે ભાવકે એની અનુભૂતિ જુદી હોય શકે.

ભારતીય મીમાંસામાં આચાર્ય ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં વસ્તુસંકલનાની નાટકની પાંચ સંધિ રૂપે સૂક્ષ્મ ચર્ચા કરી છે. જેમાં એની ઉત્તરોત્તર વિકાસ પામતી ગતિનો ખ્યાલ આવે છે. ભરતમુનિની સાથે આચાર્ય કુન્તકે પણ પ્રબંધ વક્રતા અને પ્રકરણ વક્રતા અન્તર્ગત વસ્તુસંકલનાની પરિભાષા ભેદે ચર્ચા કરી છે. જેમા કુન્તકનો ઉદ્દેશ વક્રતા દ્વારા નવીન અર્થની અનુભૂતિ કરાવવાનો છે. ભરતમુનિ અને કુન્તકની વસ્તુસંકલના વિશેની વિચારણા નાટક અને મહાકાવ્યને ધ્યાનમાં રાખીને થઈ છે. જ્યારે ટૂંકી વાર્તા આધુનિક સ્વરૂપ છે. એની વસ્તુસંકલના વિશે ભારતીય મીમાંસામાં કે ગુજરાતી સાહિત્ય વિવેચનમાં ખાસ વિચારાયું નથી, જે કેટલીક ચર્ચાઓ થઈ છે તે પશ્ચીમના વિચારકોની વિચારણાના દોહન રૂપે થઈ છે.

પાશ્ચાત્ય સાહિત્ય વિવેચનમાં એરિસ્ટોટલે ટ્રેજેડી સંદર્ભે વસ્તુસંકલનાની માંડીને ચર્ચા કરી છે અને વસ્તુસંકલનાને ટ્રેજેડીના અન્ય ઘટકોમાં પ્રથમ સ્થાન આપ્યું છે. પરંતુ આપણે અહીં એ યાદ રાખવું જોઈએ કે એરિસ્ટોટલની આ સમગ્ર ચર્ચા ટ્રેજેડી નાટ્ય સ્વરૂપને ધ્યાનમાં રાખીને થઈ છે, નવલકથા કે ટૂંકી વાર્તાને લઈને નહીં. ઇ.એમ. ફોસ્ટર આપણું એ તરફ ધ્યાન દોરી નવલકથા અને વાર્તામાં વસ્તુસંકલના અને પાત્ર બન્નેનું મહત્ત્વ સ્વીકારીને વસ્તુસંકલનાની ચર્ચા નવલકથા સંદર્ભે કરે છે. જેમા તેઓ વાર્તા અને વસ્તુસંકલના વચ્ચે ભેદ પાડી આપે છે. આર. એસ. ક્રેને ઇ.એમ. ફોસ્ટરની વસ્તુસંકલના વિચારણાને વધારે સૂક્ષ્મતા આપી ક્રિયાની વસ્તુસંકલના, પાત્રની વસ્તુસંકલના અને વિચારની વસ્તુસંકલના એવા વસ્તુસંકલનાના પ્રકારો પાડી આપ્યા. ફ્રિડમાને આર. એસ. ક્રેનના વસ્તુસંકલનાના ત્રણ પ્રકારોને આધારે 14 જેટલા પેટા પ્રકારો આપીને વસ્તુસંકલનાની વિચારણાને વધારે સૂક્ષ્મતા આપી છે. રોબર્ટ શોલ્સે વસ્તુસંકલનાના વિશ્લેષણ માટે પોતાની આગવી પદ્ધતિ આપીને મહાકાવ્યથી માંડી આધુનિક નવલકથાની વસ્તુસંકલનામાં આવેલા પરિવર્તનોને ચીંધી બતાવ્યા. તો હેન્રી જેમ્સે વસ્તુસંકલનામાં સર્જકના હેતુનો સ્વીકાર કરી પોતાની વિચારણા આપી છે. ઉપરાંત હની વેલ, કેરન ઈગન, એન. સુખમાન, એ. એલ. બેદર, બોરીસ ઉસ્પેન્સ્કી, ચેટમાન, સુઝાન ફર્ગ્યુસન, મીકી બાલ, પીટર બ્રુક્સ વગેરેએ વસ્તુસંકલનાનું આગવું મહત્ત્વ સ્વીકારીને પોતાની વિચારણા આપી છે. જેમાં એ. એલ બેદરે તો ખાસ ટૂંકી વાર્તા સ્વરૂપને ધ્યાનમાં રાખીને જ્યારે આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલના પર એની વિસંવાદિતા સંદર્ભે આક્ષેપો થતા હતા, ત્યારે પરંપરાગત ટૂંકી વાર્તાની વસ્તુસંકલના અને આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલના વચ્ચેનો ભેદ ટૂંકી વાર્તાના નમૂનાઓના આધારે પ્રત્યક્ષ કરી આપ્યો. એટલું જ નહીં આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલનાની વિશેષતાઓ પણ ચીંધી બતાવી, આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલના પરના આક્ષેપોને દૂર કર્યા. તો સુઝાન ફર્ગ્યુસને ઇલિપ્ટિકલ પ્લોટ અને મેટાફોરિકલ પ્લોટની વિભાવના આપીને આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલનાને ખોલવાની ચાવી પૂરી પાડી છે.

ગુજરાતી સાહિત્ય વિવેચનમાં વસ્તુસંકલનાની સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ એમ બન્ને

ભૂમિકાએ  ચર્ચા થઈ છે. જેમાં પ્રત્યક્ષ ભૂમિકાએ નવલરામ, બળવંતરાય. ઠાકોર, ઉમાશંકર જોશી, જયેશ ભોગાયતાએ કૃતિઓની વસ્તુસંકલનાની સૂક્ષ્મ ચર્ચા કરી છે. તો સૈદ્ધાંતિક ભૂમિકાએ સુરેશ જોષી, નરેશ વેદ અને સુમન શાહે પશ્ચિમની વસ્તુસંકલના વિચારણાને આધારે વસ્તુસંકલનાની ચર્ચા કરીને વસ્તુસંકલનાનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

કથા-વાર્તાની સંકલના અને સંરચનાને ખોલવાના અને તેનું આખું શાસ્ત્ર રચવાના પ્રયાસમાં રશિયન સ્વરૂપવાદીઓ અને સંરચનાવાદીઓનું મહત્ત્વનું પ્રદાન છે. જેમાં વિક્ટર શ્લાવોસ્કી, વ્લાદિમીર પ્રોપ, એ. જે. ગ્રેમાઇસ, તોદોરોવ, જેરાર્દ જેનેત અને રોલાં બાર્થનું મુખ્ય પ્રદાન છે. સંરચનાવાદના મૂળ સ્વિસ ભાષાવૈજ્ઞાનિક સોસ્યૂરનાં ભાષા સિદ્ધાંતમાં પડ્યા છે. સોસ્યૂરે પહેલી વાર ભાષાના ઐતિહાસિક અભિગમની સામે ભાષાનો વર્ણનાત્મક અભિગમ સ્થાપ્યો અને કહ્યું કે ભાષા કેટલો સમય વટાવીને આવી છે તેનું મહત્ત્વ નથી પરંતુ તેનો અન્ય ઘટકો સાથે શો સંબંધ છે તે મહત્ત્વનું છે. સોસ્યૂરની આ વિચારણાનો પ્રભાવ તત્કાલીન સાહિત્યવિવેચન પર પડ્યો. આ સમયે માત્ર કૃતિના અર્થઘટન પર વિશેષ ભાર મૂકાતો હતો, જેના કારણે કૃતિ બાહ્ય સંદર્ભોથી કપાઈ જતી હતી. પરિણામે કૃતિના સાહિત્યિક મૂલ્યનો પ્રશ્ન ઊભો થયો. સાહિત્ય વિવેચનને આ પરિસ્થિતિમાંથી ઉગારવા સોસ્યૂરનો ભાષાસિદ્ધાંત મદદે આવે છે. જેના કારણે કૃતિના અર્થઘટનના સ્થાને કૃતિના ઘટકો વચ્ચે રહેલા સંબંધો ખોલી આપવાનો માર્ગ ખૂલ્યો. સંરચનાવાદમાં સંબંધોનું મહત્ત્વ છે. તેમ વસ્તુસંકલનામાં પણ એક ઘટનાનો બીજી ઘટના સાથેનો સંબંધ અને જોડાણનું વિશેષ મહત્ત્વ છે. વિક્ટર શ્લાવોસ્કીએ વસ્તુસંકલના સંદર્ભે વિ-પરિચિતિકરણનો વિભાવ આપી વાર્તા(Story) વિરુધ્ધ વસ્તુસંકલના(Plot)નું મહત્ત્વ સ્વીકારી બન્ને વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી આપ્યો. તો વ્લાદિમીર પ્રોપે કાર્યોના આધારે લોકકથાઓની સંરચના ખોલી આપીને કથાની સંરચના ખોલવા માટેનો એક નવો માર્ગ આપ્યો. જેનો પ્રભાવ સંરચનાવાદ પર પડ્યો. જેને ગ્રેમાઇસ, તોદોરોવ, બાર્થે વિકસાવી વાક્યરચનાની પદ્ધતિએ કૃતિની સંરચનાને ખોલી આપી. આમ, ભાષાશાસ્ત્રમાં જે રીતે વાક્યનું વિશ્લેષણ શક્ય છે તે રીતે કથાકૃતિનું વિશ્લેષણ પણ

શક્ય છે. એવું આ સંરચનાવાદીઓએ સિદ્ધ કરી આપ્યું. ગુજરાતી સાહિત્ય વિવેચનમાં સંરચનાવાદની ચર્ચા હરિવલ્લભ ભાયાણી, સુરેશ જોષી, સુમન શાહ અને ચંદ્રકાન્ત ટોપીવાળાએ કરી છે. પરંતુ તે મોટાભાગે પરિચયની ભૂમિકાએથી કરી છે. આમ, પરિભાષા ભેદે વસ્તુસંકલના વિચારણાને સંરચનાવાદે એક આગવું રૂપ આપ્યું છે. જેને નજરઅંદાજ કરી શકાય તેવું નથી.

પૂર્વમાં ભરતમૂનિથી લઈને નરેશ વેદ સુધી તો પશ્ચિમમાં એરિસ્ટોટલથી લઈને બાર્થ સુધી વસ્તુસંકલનાની સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ એમ બન્ને ભૂમિકાએ સૂક્ષ્મ ચર્ચા થઈ છે. તેમાં સંરચનાવાદીઓ કથાની સંરચનાને છેક વાક્યના વિશ્લેષણની ભૂમિકાએ લઈ ગયા છે. આ શોધનિબંધમાં મેં આ પૂર્વ અને પશ્ચિમનાં વિચારકોની વિચારણાનો આધાર લઈને ગુજરાતી ટૂંકી વાર્તાની વસ્તુસંકલના તપાસવાનો પ્રયત્ન કર્યો છે. સંપૂર્ણપણે સંરચનાવાદીઓની વિચારણા પ્રમાણે વાર્તાનું વિશ્લેષણ કરવા જતાં યાંત્રિકતામાં સરી પડાય. મારો હેતુ અહીં વસ્તુસંકલનાની સંરચનાત્મક અને કાર્યસાધકતા સંદર્ભે તપાસ કરનાનો હોવાથી બધી વાર્તાઓ માટે વસ્તુસંકલનાનાં વિશ્લેષણની એક સમાન પદ્ધતિ સ્વીકારી છે. સાથે વસ્તુસંકલનાના ઘટકો જેના વિશે સંરચનાવાદીઓએ ધ્યાન દોર્યું, જેવાકે- પુનરાવર્તન, શોધ, ઇચ્છા, આકસ્મિકતા, અધ્યાહાર, ક્રિયાપદની વિશિષ્ટ પસંદગી, આકસ્મિકતા, મેલોડ્રામા, રચનાપ્રયુક્તિ વગેરે ઘટકોની વસ્તુસંકલનામાં શું ભૂમિકા છે. તેની ચર્ચા કરી છે. સાથે વાર્તાનાં અન્ય ઘટકો પાત્ર, ભાષા, પરિવેશ, કથનકેન્દ્ર, શીર્ષક વગેરેની ચર્ચા વગર પણ વસ્તુસંકલનાની ચર્ચા અધુરી લાગે માટે તેને પણ અહીં આવરી લીધી છે.

ગુજરાતી ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં પરંપરાગત યુગથી આધુનિક અને અનુઆધુનિક યુગ સુધી આવતા વળાંકો અને પરિવર્તનમાં આ વિચારકોની વિચારણા માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવે છે. જેમા ઘટનાઓની ગોઠવણીથી માંડીને વસ્તુસંકલના માટે રચનાપ્રયુક્તિની પસંદગી, પુનરાવર્તન, આકસ્મિકતા, રહસ્ય, કથકની પસંદગી, કથકનો સૂર, પાત્ર પસંદગી, ભાષા પસંદગી, વર્ણનની કાર્યસાધકતા, પરિવેશની કાર્યસાધકતાની સાથે કથન અથવા વાક્ય પાછળ મૂકાયેલા વિરામ ચિહ્નનું પણ આગવું મહાત્ત્વ છે. આ બધા જ ઘટકો અલગ અલગ નથી પરંતુ

તે એકસૂત્રે જોડાયેલા છે. આ બધા ઘટકો સંવાદિતતાની ભૂમિકાએ જોડાયેલા છે. જેના કારણે સમગ્ર કૃતિ સજીવ બને છે. જે એરિસ્ટોટલ કહે છે તેમ વસ્તુસંકલનાનું મુખ્ય લક્ષણ છે.

પરંરાગત વાર્તાકારોમાં મલિયાનીલ, કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ, રામનારાયણ પાઠક, ચુનીલાલ મડિયા, ચન્દ્રકાન્ત બક્ષી, ઉમાશંકર જોશી, સુન્દરમ, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, જયંતી દલાલ, જયંત ખત્રી વગેરેની વાર્તાની વસ્તુસંકલના સુધારા કેન્દ્રી, ભાવનાકેન્દ્રી, બાહ્ય ઘટના કેન્દ્રી અથવા મનુષ્યના અજ્ઞાતભાવ કેન્દ્રી હોવાને કારણે કાર્ય-કારણ ભાવ અને ફોસ્ટરે કહ્યું છે તેમ લાગણી તેનું ધારક બળ છે. માટે પરંપરાગત વાર્તા કાર્ય-કારણભાવ અથવા લાગણીના સંબંધે જોડાયેલ છે. અહીં એક ભાવક તરીકે આપણે એક ઘટનાથી બીજી ઘટના વચ્ચેનો આ સંબંધ સરળતાથી શોધી શકીએ છીએ. મડિયા, ચન્દ્રકાન્ત બક્ષી, ઉમાશંકર જોશી, પન્નાલાલ, ઝવેરચંદ મેઘાણી વગેરેની વાર્તાની વસ્તુસંકલનામાં રચનાપ્રયુક્તિઓનો વિનિયોગ થયો છે, પણ તેમાં સામ્યતા-સંવાદિતતાનું તત્ત્વ જોવા મળે છે. જેના કારણે ભાવકને વધારે પરિશ્રમ કરવો પડતો નથી.

પરંપરાગતયુગમાંથી આધુનિકયુગમાં આવતા ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં મૂળગામી પરિવર્તન આવે છે. પરંપરાગત વાર્તાની વસ્તુસંકલનામાં ઘટના વચ્ચેનો સંબંધ સ્પષ્ટ હતો. પરંતુ આધુનિક વાર્તાની વસ્તુસંકલનામમાં ઘટનાઓ વચ્ચે આવો કોઈ સ્પષ્ટ કાર્ય-કારણ, તાર્કિક કે લાગણીનો સંબંધ નથી. એની જગ્યાએ વિરોધી અથવા વિસંવાદી ઘટનાઓ સાથે સાથે મૂકીને વાર્તાની સંકલના આગળ વધે છે. પરિણામે પહેલી નજરે તે આપણને અસ્તવ્યસ્ત અને વિસંવાદી લાગે. આ પ્રકારની વાર્તાની વસ્તુસંકલના ભાવક પાસે ચોક્કસ પ્રકારની સજ્જતાની અપેક્ષા રાખે છે. તે પહેલા વાચને ભાવકને પોતાની અંદર પ્રવેશ આપતી નથી. પહેલી નજરે વિરોધી લાગતી ઘટનાઓ જ એને સમગ્ર અર્થ આપવા માટે કારણભૂત હોય છે. સમગ્ર વાર્તા પાત્રના ભાવસંવેદન વડે જોડાયેલી હોય છે. આધુનિકવાર્તાની વસ્તુસંકલનાને સમજવામાં સુઝાન ફર્ગ્યુસનની મેટાફોરીકલ પ્લોટ અને ઈલિપ્ટિકલ પ્લોટની વિભાવના ખુબ જ ઉપયોગી થાય છે. સુરેશ જોષી, કિશોર જાદવ, મધુ રાય, સરોજ

પાઠક, રાધેશ્યામ શર્મા, ભૂપેશ અધવર્યુ, સુમન શાહ, સુધીર દલાલ, કિરીટ દૂધાત વગેરેની વાર્તાઓની વસ્તુસંકલના આ પ્રકારનો અનુભવ કરાવે છે. પરંપરાગત વાર્તાકારોની સરખામણીએ આધુનિકવાર્તાકારોમાં વાર્તાની વસ્તુસંકલના બાબતે રચનાપ્રયુક્તિના વિનિયોગમાં સભાનતા જોવા મળે છે. પરિણામે આધુનિક વાર્તાની વસ્તુસંકલનામાં અનેક પ્રયુક્તિઓ જેવી કે સન્નિધિકરણ, પ્રતીક, કલ્પન, આંતરચેતનાપ્રવાહ, કપોળકલ્પના, પુરાકથા, આંતરએકોક્તિ, સ્વપ્નપ્રયુક્તિ વગેરેનો સફળ વિનિયોગ થયો છે. આ રચનાપ્રયુક્તિઓના વિનિયોગને કારણે જ ભાવક પાસે આ વાર્તાઓ મથામણ કરાવે છે અને એ મથામણમાંથી પસાર થયા બાદ જ્યારે સમગ્ર ભાવસંવેદન સાથે ભાવક જોડાય છે ત્યારે આ જ વિસંવાદી વસ્તુસંકલના સંવાદિતતાનો અનુભવ કરાવે છે.

અનુઆધુનિકયુગમાં આવતા ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં જે પરિવર્તન આવે છે તે વિષયકેન્દ્રી છે. આધુનિક ટૂંકી વાર્તાનો વિષય મોટાભાગે એકાકી મનુષ્યનું સંવેદન હતું એની જગ્યાએ અનુઆધુનિકયુગમાં સમૂહની સંવેદના કેન્દ્રમાં આવી. પરિણામે નારીની સંવેદના, ગ્રામ્ય સંવેદના, પ્રદેશ વિશેષ, દલિતોની સંવેદના વગેરેનું આલેખન થવા લાગ્યું. માટે આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં જે રીતે રચનાપ્રયુક્તિને પ્રાધાન્ય અપાતું હતું. એની જગ્યાએ અનુઆધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં પરિવર્તન લાવનાર ઘટક સમૂહનું સંવેદન છે, જ્યારે રચનાપ્રયુક્તિનો આવશ્યકતા અનુસાર વિનિયોગ થયો છે. દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી, મોહન પરમાર, દલપત પરમાર, ધરમાભાઈ શ્રીમાળી, હિમાંશી શેલત, માય ડિયર જયુ, બાબુ સુથાર, જયેશ ભોગાયતા વગેરેની વાર્તાઓમાં વસ્તુસંકલનામાં આવેલું આ પરિવર્તન જોઈ શકાય છે. અહીં ભાવસંવેદનની સહાયતામાં રચનાપ્રયુક્તિ આવે છે, ક્યારેક ભાવસંવેદન આલેખવા જતા રચનાપ્રયુક્તિની બરાબર માવજત થઈ નથી એવા ઉદાહરણો પણ દલિત વાર્તાકારોની વાર્તામાંથી મળે છે. જ્યારે આધુનિક ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં રચનાપ્રયુક્તિની માવજત કરવા જતાં સંવેદન બાબતે દૂર્લક્ષ સેવાતું એવા પણ અનેક ઉદાહરણો જોઈ શકાય છે. એનો અર્થ એ નથી કે અનુઆધુનિકયુગની વાર્તાની વસ્તુસંકલનામાં પ્રયુક્તિ બાબતે દુર્લક્ષ સેવાય છે.

રચનાપ્રયુક્તિનું કાર્ય ભાવસંવેદનને સઘન બનાવવાનું છે. માય ડિયર જયુ, બાબુ સુથાર, સુમન શાહ, મોહન પરમાર, દલપત ચૌહાણ, જયેશ ભોગાયતાની વાર્તાની વસ્તુસંકલનામાં સંવેદન અને રચનાપ્રયુક્તિ બન્નેનો સુમેળ સધાયેલો જોવા મળે છે.

આમ, પરંપરાગતયુગમાંથી અનુઆધુનિકયુગ સુધી આવતાં ટૂંકી વાર્તાની વસ્તુસંકલનામાં ઉત્તરોત્તર વધારે સૂક્ષ્મતા આવી છે. જે ઉપરની વાર્તાઓમાં અને તેની વસ્તુસંકલનામાં જોઈ શકાય છે. આ પ્રકારે ટૂંકી વાર્તાના એક પ્રાથમિક ઘટક તરીકે વસ્તુસંકલનાની સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ ભૂમિકાએ ચર્ચા આવશ્યક છે. જેનો નમ્ર પ્રયાસ અહીં કર્યો છે.